જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૨૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૯૦	૪	૧૧૨૯૪	૧૭૪૧૨	૨	૧૭૪૧૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૬	૨	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૫૨	3	૨૯૦૫૫	૩૦૩૭૬	૨૩	૩૦૩૯૯
કુલ		૪૫૧૧૪	૭	૪૫૧૨૧	૫૪૨૯૦	૨૭	૫૪૩૧૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫	૬,૪૬,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૪૪	૫,૪૪,૦૦૦/-

વિશ્વ મહિલા દિવસની ઉજવણી પ્રસંગે નારી સંરક્ષણ ગૃહની લીધેલ મુલાકાતની વિગત

વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આપ સાહેબ શ્રી તેમજ અધિક પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ સાહેબના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ/ કર્મચારીઓ દ્વારા પાલડી મહિલા વિકાસ ગૃહ તેમજ ઓઢવ નારી સંરક્ષણ ગૃહ ખાતે રહેતી બહેન-દીકરીઓની તેમજ ત્યાં ફરજ બજવતા સ્ટાફની મુલાકાત લઈ ૧૩૦ જેટલી બેન-દીકરીઓને એસ.ઓ.જી. ડી.સી.પી., એસ.ઓ.જી. એ.સી.પી. શ્રી બી.સી.સોલંકી, મહીલા ક્રાઇમના એ.સી.પી મીની જોસેફ, એસ.સી.એસ.ટી સેલના એ.સી.પી કે.ડી.કાપડિયા તથા પાલડી, એલિસબ્રિજ, ઓઢવ પોલીસ સ્ટેશનની SHE ટીમની પોલીસ મહિલા કર્મચારીઓના હસ્તે દૈનિક જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓવાળી સુરક્ષા કીટનું "સેવા ભાવી સંસ્થા" ની મદદથી વિતરણ કરવામાં આવ્યું. તેમજ બંન્ને મહિલા એસીપી દ્વારા પ્રેરક પ્રવચન આપી તેઓની નિયમિત મુલાકાત લઈ તેઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી.





પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી. :

“ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી નિશાન સન્ની કારમાથી વિદેશી દારૂની બોટલો નંગ-૧૧૪ કિ.રૂ.૮૪૮૪૦/- તથા ટીન બીયર નંગ ૨૪ કિ.રૂ.૩૪૮૦/- મળી કુલ્લે રુપિયા ૨૯૮૨૦/- ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૦૭.૦૩.૨૦૨૧ ના રોજ રાત્રે સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો વિજયસિહ હિંદુજી અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ અહેકો મુકેશભાઈ રામાભાઈ અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અહેકો કૃષ્ણરાજસિંહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ચાંદખેડા ઉમા ભવાની રેલ્વે ફાટક પાસે જાહેર રોડ ઉપરથી નિશાન સન્ની કાર નંબર જી.જે.૧ કે.આર.૭૫૧૪ માથી વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૧૪૪ કિમત રુપિયા ૮૪૮૪૦/ તથા ટીનબીયર નંગ ૨૪ કિ.રૂ.૩૪૮૦/ ની તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨૯૮૨૦/ના મુદામાલ સાથે કારચાલક આરોપી ધર્મેન્દ્રસિહ ઉર્ફે પપ્પુ મુલચંદભાઈ પઢીયાર રહે.ધ.ન.એ/૧૦, પ્રહલાદ પાર્ક સોસાયટી(શુભલક્ષ્મી સોસાયટી) ઉમા ભવાની ફાટક પાસે ચાંદખેડા અમદાવાદ શહેરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૮૨૧૦૧૬૭/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી) ૬૫(એ)(ઈ) ૧૧૬(બી)૮૧૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

વોન્ટેડ આરોપી : જતીન રહે.મહેસાણા

ગુનાની જગ્યા : ચાંદખેડા ઉમા ભવાની રેલ્વે ફાટક પાસે જાહેર રોડ ઉપરથી

પકડાયેલ મુદામાલ

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૧૪૪ કિ.રૂ.૮૪૮૪૦/ (૨) ટીન બીયર નંગ ૨૪ કિ.રૂ.૩૪૮૦/ (૩) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ.૧૦૫૦૦/ (૪) નિશાન સન્ની કાર નંબર જી.જે.૧ કે.આર.૭૫૧૪ કિ.રૂ.૨,૦૦,૦૦૦/ મળી કુલ્લે રુપિયા ૨૯૮૨૦/ ની મત્તાનો મુદામાલ

પકડાયેલ આરોપી: ધર્મેન્દ્રસિહ ઉર્ફે પપ્પુ મુલચંદભાઈ પઢીયાર ઉ.વ.૩૯ રહે.ધ.ન.એ/૧૦, પ્રહલાદપાર્ક સોસાયટી (શુભલક્ષ્મી સોસાયટી) ઉમા ભવાની ફાટક પાસે ચાંદખેડા અમદાવાદ શહેર





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૭,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૨૭/૨૦૨૧**

સાયબર ક્રાઇમ : શૈલેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ.૪૬)(રહે.આશિર્વાદ એપાર્ટમેન્ટ, ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં, નારણપુરા) એ તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૧૦/૨૦૨૦ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૮૬૫૦૪૯૫૭૧ અને ૭૨૬૧૮૪૮૪૭૪ ઉપરથી વાત કરી, તેઓએ "ફોન પે" ની ઓળખ આપી વિશ્વાસમા લઈ, શૈલેશભાઇના આઈ.સી.આઈ.સી બેંકમા ખાતામાંથી કુલ પાંચ વાર અનુક્રમે ૨૪,૯૯૮/-, ૨૪,૯૯૮/-, ૨૪,૯૯૮/-, ૧૯,૯૯૯/-, ૧૯,૯૯૯/- ડેબીટ કરી, આ રકમ પરત આપવાના બહાને ફરીથી શૈલેશભાઇને વિશ્વાસમા લઈ, શૈલેષભાઇના મોબાઈલમા "એની ડેસ્ક" નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી, શૈલેશભાઇના મોબાઈલનુ એક્સેસ મેળવી, તેમના બેંક ખાતામાંથી ફરી ત્રણ વાર અનુક્રમે રૂપીયા ૫૦,૦૦૦/-, ૫૦,૦૦૦/-, ૫૦,૦૦૦/- ડેબીટ કરી શૈલેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એચ.પુવાર ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૪૨૮/૨૦૨૧**

ચાંદખેડા : જીતેન્દ્રભાઈ ચંદ્રકાંતભાઈ સોલંકી (રહે.સમ્યક ગેલેક્ષી સોસાયટી, ઉમાભવાની ફાટક પાસે, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૩/૨૦૨૧ ના કલાક ૩/૫૫ થી કલાક ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૨ કિંમત રૂપિયા ૫,૦૦૦/-, રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- અને પલ્સર મોટર સાયકલ નંબર જીજે.૦૧.વી.એચ. ૪૭૩૪ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

વેજલપુર : સાબીરહુસૈન અહેમદહુસૈન સૈયદ (ઉ.વ.૬૦)(રહે,બોસ્તાન સોસાયટી, રોયલ અકબર ટાવર પાછળ, જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૫/૦૩/૨૦૨૧ સાંજના ૬/૪૫ દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯,૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડિ.ઓડેદરા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૪૨૯/૨૦૨૧</u>**

આનંદનગર : કિષ્નાબહેન ઉર્ફ શિલ્પાબહેન બારૈયા (ઉ.વ.૧૬)(રહે.વ્રજવિહાર ઔડાના મકાન, ચંદ્રમોલી સ્કુલની સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૩/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઇશ્વર ચરન કોમ્પ્લેક્ષના પાંચ મા માળે એસીડ પી ધાબા ઉપર થી પડતુ મુકતા, શરીરે ઇજા થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રીએ બપોરના ૨/૦૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.સાઠે ચલાવે છે.

એલીસબ્રીજ : રવિરાજ ભગવાનદાસ બેન્કર (ઉ.વ.૨૯)(રહે.નાનો વાસ, હનુમાન ચોક, કોચરબ ગામ, પાલડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૩/૨૦૨૧ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઘઉમા નાંખવાની ગોળીઓ ખાઇ લેતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન કલાક ૮/૧૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હીરાભાઇ મુળજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી